१०

મોડી રાતના હોટલ/રેસ્ટોરન્ટ/
આહારાગૃહ/લોજ ખુલ્લી રાખવાની
સૂચનાઓ.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક-:જમસ/૨૫૦૯/૭૮૮/મ
૨, સરદાર ભવન,
સચિવાલય,ગાંધીનગર.
તા. 22 JAN 2010

સંદર્ભ-(૧) ગૃહ વિભાગ ના તા.૩૦/૫/૭૦ ના પરિપત્ર ક્રમાંક-જમસ/૨૦૬૮/૨૧૩૧૩/મ
(૨) ગૃહ વિભાગ ના તા.૧૯/૧/૮૯ ના ઠરાવ ક્રમાંક-જમસ/૧૦૮૮/૬૭૪૯/મ.

ઠરાવ-:

રાજ્યમાં હોટલ/રેસ્ટોરન્ટ ચલાવવા માટે લાયસન્સ અંગે સંદર્ભ-(૧)માં જણાવેલ પરિપત્રની જોગવાઇ મુજબ રેલવે સ્ટેશન હોય તેવા સ્થળે વધુમાં વધુ બે હોટલ, દરેક મોટી હોસ્પિટલની આસપાસના વિસ્તારમાં જરૂર જણાય તો એક હોટલ, રાતની પાળી ચાલતી હોય તેવી મીલ કે ફેકટરીના વિસ્તારમાં એક હોટલ, નેશનલ તેમજ સ્ટેટ હાઇવે જો મ્યુનિસિપલ હદમાંથી પસાર થતા હોય તો જરૂર જણાય તો એક હોટલ, નેશનલ અથવા સ્ટેટ હાઇવે મ્યુનિસિપલ હદની નજીક થી પસાર થતો હોય તો મ્યુનિસિપલ વિસ્તારની નજીક આવેલ એક હોટલ, બે મ્યુનિસિપલ હદ વચ્ચે ૫૦ કિ.મી. કરતાં વધુ અંતર હોય તો જરૂર જણાય તો વચ્ચેના સ્થળે એક હોટલ મોડી રાત્રિના ચાલુ રાખવા અંગે સબંધિત પરવાના અધિકારીઓને પરવાનગી આપવામાં આવેલ તેમજ સંદર્ભ(૨) માં જણાવેલ ઠરાવના પેરા(૭) માં આ જોગવાઇઓ સમાવીને મોડી રાત્રીના હોટલ/રેસ્ટોરન્ટ/આહારગૃહ/લોજ ચાલુ રાખવા બાબતે પુનઃ સંકલિત સૂચનાઓ બહાર પાડવામાં આવેલ હતી.

દક્ષિણ ગુજરાત હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસીએશન તથા ગુજરાત રાજ્ય હોટલ ફેડરેશન તરફથી એવી રજુઆત કરવામાં આવેલ કે સુરત શહેરમાં છેલ્લા ૪૦ વર્ષ દરમ્યાન થયેલ ઔધોગિક વિકાસને અનુલક્ષીને શહેરીકરણને કારણે શહેરની વસ્તી વધીને આશરે ૪૦ લાખની થયેલ છે. આથી નાગરિકોની મુસાફરી,વ્યવસાયિક જરૂરીયાતો વગેરેને ધ્યાને લેતાં ઉપર્યુકત સૂચનાઓમાં સુધારો કરી આહારગૃહો ખુલ્લા રાખવા માટેનો સમય રાત્રિના ૧૧./૦૦ કલાકથી વધારીને ૦૧/૦૦ કલાક સુધીનો કરી આપવો જોઇએ.

આથી સંદર્ભ (૨) માં જણાવેલ ઠરાવની ઉપર મુજબની સૂચનાઓમાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.પુખ્ત વિચારણાના અંતે સંદર્ભ(૨)ના ઠરાવના પેરા (૭) પરની સૂચનાઓ રદ કરીને રાજ્યની તમામ હોટલ/રેસ્ટોરન્ટ/આહારગૃહ/લોજ મોડી રાત્રીના ૦૧/૦૦ કલાક સુધી ચાલુ રાખવાની પરવાનગી આપવાનું ઠરાવવામાં આવે છે. સબંધિત પરવાના અધિકારીઓ દ્વારા આ અંગે પરવાનામાં નોંધ કરવાની રહેશે. આથી આહારગૃહના પરવાના ધારકોએ તેઓના પરવાના તેમના સબંધિત પરવાના અધિકારીશ્રી સમક્ષ રજૂ કરવાના રહેશે. ઉપરાંત, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને લઇને કે જાહેર હિતમાં સંબંધિત પરવાના અધિકારીશ્રીઓ આહારગૃહ મોડે સુધી ચાલુ રાખવાના સમયમાં હંગામી ધોરણે ફેરફાર કરી શકશે.

ઉપર સૂચવેલ સમયમર્યાદાનું ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કિશોર મોઢા )
ઉપ સચિવ
ગૃહ વિભાગ.

પ્રતિ,

(૧) માન.રા.ક.મંત્રીશ્રી ગૃહ વિભાગ ના અંગત સચિવશ્રી, બ્લોક નં-૨, ત્રીજા માળે સચિવાલય ગાંધીનગર.

(૨)પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૩)સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ.

(૪)સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ.

(૫)સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.

(૬)સધર્ન ગુજરાત હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસીએશન,ખાંડ બજાર,બજેટ ઇન હોસ્પાઇસ,જમીન માળે, રેલવે સ્ટેશન પાસે,સુરત. ( BY R.P.A.D.)

(૭)ગુજરાત રાજ્ય હોટલ ફેડરેશન, જી.પી.ઓ પાસે, મિરઝાપુર રોડ,અમદાવાદ-૧.(BY R.P.A.D.)

(૮)સિલેકટ ફાઇલ-૨૦૦૯, ના.સે.અ.શ્રી/ મ-શાખા.